પત્ર ક્રમાંકઃનબસ/૦૧/થ/સ–૨/૧ (૫) ૨૦૧૬
નિયામક,ખેત બજાર અને ગ્રામ્ય અથતંત્ર,
ગુજરાત રાજય,બ્લોક નં.૧૩/૨,
ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
તા.૧૭ /૧૦/૨૦૧૬

પરિપત્ર ::–

ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ–૧૯૬૩, નિયમો ૧૯૬૫ સુધારા–૨૦૦૭ અને ૨૦૧૫ તથા નિયમ સુધારા–૨૦૧૪ હેઠળ રાજયની બજાર સમિતિઓમાં નિયંત્રિત જણસીઓનો વેપાર કરવામાં આવી રહેલ છે. રાજય સરકારશ્રી ધ્વારા ૨૦૦૬ માં એનિમલ હસબન્ડરી પ્રોડકટને નિયંત્રિત જણસીમાંથી રદ કરેલ છે. એટલે કે પશુપાલનને લગતા ઉત્પન્નના ખરીદ વેચાણનું નિયમન રદ કરેલ છે. જેથી આ પેદાશોની, બજાર સમિતિમાં ખરીદ વેચાણ નિયંત્રણની કાર્યવાહી કરવાની રહેતી નથી.

રાજયની કેટલીક બજાર સમિતિઓમાં પશુઓના ખરીદ વેચાણની પ્રવૃતિ માટે જરૂરી સગવડ પુરી પાડવાની કાર્યવાહી થઈ રહેલ છે.

અહિંસા મહાસંઘ (ગુજરાત) અમદાવાદની તા.૨૭–૭–૧૬ ની રજુઆત મુજબ કઠલાલ / ઠાસરા/ ડાકોર ઘોઘંબા, કવાંટ બજાર સમિતિઓમાં પ્રાણીઓના વેચાણની પ્રવૃત્તિ થઈ રહેલ છે. સંઘની રજુઆત મુજબ આ બજારોમાં હજારો પ્રાણીઓનું ગેર કાયદેસર ખરીદ વેચાણ થઈ રહયું છે. અને કેટલા કિસ્સામાં પોલીસ ફરિયાદ પણ નોંધાવવામાં આવેલ છે. અને પોલીસ ધ્વારા જરૂરી કાનુની કાર્યવાહી પણ કરવામાં આવેલ છે. વધુમાં,સંઘના જણાવ્યા અનુસાર એ.પી.એમ.સી. માર્કેટમાંથી ખરીદવામાં આવતાં પ્રાણીઓને કતલના હેતસર વેચાણ ' હેરાફેરી થઈ રહી હોવાનું જણાવેલ છે. અને આવી પ્રવૃત્તિ / બજારો બંધ કરાવવા રજુઆત કરવામાં આવેલ છે. જેથી રાજયની તમામ બજાર સમિતિઓને જણાવવામાં આવે છે કે, રાજય સરકારશ્રી ધ્વારા પ્રાણીઓને અને તેની પેદાશોને નિયંત્રિત જણસીમાંથી રદ કરેલ હોઈ, આવી બજાર સમિતિઓ પ્રાણીઓના ખરીદ વેચાણની ગેરકાયદેસર પ્રવૃત્તિ ન થાય તે જોવા સુચના આપવામાં આવે છે.

પ્રાણીઓની ગેરકાયદેસર ખરીદ વેચાણની પ્રવૃત્તિ ધ્યાને આવશે તો હોદ્દેદારો/સેક્રેટરીની અંગત જવાબદારી રહેશે, તેની પણ નોંધ લેવા જણાવવામાં આવે છે.

નિયામક,
ખેત બજાર અને ગ્રામ્ય અથતંત્ર,
ગુજરાત રાજય,,ગાંધીનગર.

પ્રતિ,
ચેરમેનશ્રી, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, તમામ
નકલ રવાના :–
નાયબ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રારશ્રી, તમામ'
૨/–.. આપના જિલ્લાની બજાર સમિતિઓમાં પશુઓના ગેરકાયદેસર ખરીદ વેચાણ પ્રક્રિયા ન થાય તે માટે જરૂરી કાળજી રાખવા સારૂ.

Scanned with CamScanner